
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મને તો સરકારનો પેટ્રોલ ભાવ વધારો કરવો ગમ્યો... આ વખતે ક્યાંય બહાર જતા નથી અને પૂછે છે માળીયુ સાફ કરવું છે... કબાટ સાફ કરી દઉ...??

# સિવિલમાં મેડીસીન ઓપીડીમાં દર્દીઓનો વધારો

## સામાન્ય દિવસમાં ૧,૦૦૦ની ઓપીડી હાલના સમયે ૧૫૦૦ પહોંચી

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડી બિલ્ડીંગમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. સામાન્ય દિવસોમાં ૧૦૦૦ ની મેડીસીન ઓપીડી હાલ ૧૫૦૦ એ પહોંચી છે. બેવડી સિઝન અને વાઈરલ ઈન્ફેંકશનને પગલે તાવ, શરદી ખાંસી સહિત ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસ પણ મોટીમાત્રામાં સામે આવી રહ્યા છે. ત્યારે સિવિલમાં ઈન્ડોર અને ઓપીડી બિલ્ડીંગમાં મોટીસંખ્યામાં દર્દીઓની ચહલ પહલ જોવા મળી રહી છે.

ગાંધીનગર સિવિલમાં તાવ થી માંડીને ડાયાલિસીસ થાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો આસપાસના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ પણ મોટીસંખ્યામાં લે છે. સિવિલનો તાત્કાલીક વિભાગ રાત દિવસ ધમધમતો હોય છે. ત્યારે ઓપીડી બિલ્ડીંગમાં પણ વિવિધ વિભાગની ઓપીડીમાં દર્દીઓ સારી માત્રામાં આવતા હોય છે.જયારે સૌથી વધુ ઓપીડી મેડીસીન વિભાગમાં હોય છે. સવાર સાંજ થઈને ઓપીડીનો આંકડો ૧૦૦૦ થતો હોય છે. ત્યારે હાલના સમયે ચાલી રહેલી બેવડી સિઝન અને મચ્છરજન્ય રોગચાળોને પગલે આંકડો ૧૫૦૦ ને પાર થઈ ગયો છે. ડેન્ગ્યુ તેમજ ચિકન ગુનિયાના કેસ એક ઘર છોડી એક ઘરે જોવા મળે છે. પાટનગરમાં છેલ્લા કેટલાક સમયથી મચ્છરજન્ય રોગચાળાએ અજગરી ભરડો લીધો હોય તેમ લાગે છે. આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી કરવા છતા મચ્છરજન્ય રોગચાળો કાબુમાં આવતો નથી. ડેન્ગ્યુ અને મેલેરીયા, ચિકનગુનિયાના કેસમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે.




જયારે વાઈરલ બિમારીના પણ દર્દીઓ હોવાથી સિવિલમાં તેમજ ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાય છે. મોડીસાંજ થી ડોકટરના કલીનીક પર નંબર લેવા માટે નાગરીકોની પડાપડી હોય છે. ત્યારે હાલ દર્દીઓનો ધસારાને પગલે મેડીસીન ઓપીડીમાં વધારો થયો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવા માટેની વ્યવસ્થા અને આયોજનને લઈ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે બેઠક મળી હતી.
- જિલ્લામાં ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ૧૬૦૦ જેટલા ખેડૂતોએ આજ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.
- કોલવડામાં બળિયાદેવ મંદિરનો આજે ધામધૂમથી પાટોત્સવ ઉજવાયો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે ૩ તલાટીની બદલીના હુકમો કર્યા છે.
- દહેગામ તાલુકાના ચેખલાપગી ગામે યોજાયેલ સેવાસેતુમાં ૨૧૭૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ અને જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ મુલાકાત લીધી હતી.
- સચિવાલય સંકુલના બ્લોક નં. ૧૨ માં આવેલી સરદાર સરોવરની કચેરી સાથે સંલગ્ન બ્લોક નં. ૮ અને ૧૪ માં જવા માટેના દરવાજાઓને તાળા મારવામાં આવ્યા છે એટલે કર્મચારીઓને ફરીને જવાની ફરજ પડી રહી છે.
- આજે રાજયના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલનો જન્મ દિવસ છે.
- ગાંધીનગર તાલુકાના અડાલજ કોમ્યુનીટી હોલ ખાતે આયુર્વેદના આહાર પોષણ સંબંધિત સિદ્ધાંતોના આધારભૂત આયુષ ખાદ્ય મહોત્સવનું રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.
- સચિવાલયમાં આજથી દિપાવલી પર્વની અસરો શરૂ થઈ છે. આજે મંત્રીઓ પણ પ્રવાસમાં હતા તેમજ સચિવાલયમાં કર્મચારીઓની હાજરી ઓછી હતી.




ગાંધીનગર તાલુકાનો સાતમો તબક્કાનો સેવાસેતુ આજે અડાલજ ખાતે યોજાયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, તાલુકા વિકાસ અધિકારી દાંધલિયા, મામલતદાર સહિત વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાયસણ પીડીપીયુ પાણીની ટાંકી પાસેથી ટ્રકની ચોરી

ગાંધીનગર,તા.૨૯

રાયસણ પી.ડી.પી.યુ. માર્ગ પર આવેલા જીઈબી સબ સ્ટેશન સામે પાણીની ટાંકી નજીક વસવાટ કરતા ડ્રાયવરના મામા રઘુભાઈની ઓરડીમાંથી ચોરી છુપીથી કોલોનીમાં રહેતા વાલુભાઈ જોરજી પારઘી ચાવી લઈ ટ્રક લઈ નાસી છુટ્યો છે. વાલુભાઈ જોરજી પારઘી ટ્રકની ચોરી કરી લઈ ગયા હોવાની ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાબરમતિ વિસત પેટ્રોલ પંપ સામે એ-૨ સાગર રેસીડેન્સી ખાતે દિનેશભાઈ અમરાભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને કોન્ટ્રાકટરનો વ્યવસાય કરે છે. જીઈબીના સામાનનો ગવર્મેન્ટ કોન્ટ્રાકટ રાખીને કોન્ટ્રાકટ મુજબ કામ કરતા હોવાથી પરિવારનું ગુજરાન ચાલે છે. જયારે દિનેશભાઈના નામે અશોક લેલન ટ્રક નં. જી.જે.૦૧.ડી.ટી.-૬૬૬૩




છે આ ટ્રકનો ઉપયોગ જીઈબીનો સામાન લાવવા લઈ જવા માટે કરવામાં આવે છે. આ ટ્રક પર છેલ્લા છ માસથી ડ્રાઈવર તરીકે મનોજભાઈ પારઘી ( રહે. કોલવડા) ફરજ બજાવે છે. ત્યારે ગત તા.૨૪ ના રોજ સવારે દિનેશ ભાઈ પટેલ સાથે સેકટર-૨૧ પ્રમુખ રેસીડેન્સી પંચશીલ પાર્ક ૭૫૬-૨ ગાંધીનગર ઓફિસ થી આશરે ૯ વાગ્યાના સુમારે ઉપરોકત ટ્રકમાં જીઈબીને લગતો સામાન ભરીને અમારે છાલા જીઈબી સબ સ્ટેશન કામ ચાલતુ હોવાથી છાલા ગયો હતો અને સાંજે કામ પૂર્ણ થયા બાદ ટ્રકમાં લાઈનનું કામ કરતા મજુરોને લઈને રાયસણ પીડીપીયુ માર્ગ પર પાણીની ટાંકી પાસે લેબર કોલોની ખાતે આવી મજુરો ઉતારી ટ્રક ત્યાં કોલોનીમાં મુકી ટ્રકની ચાવી કોલોનીમાં રહેતા તેમના મામા રઘુભાઈને આપી તે બાઈક લઈને કોલવડા જતા રહ્યા હતા. ત્યારે તા.૨૭ નારોજ કોલોની ખાતે આવીને જોયુ તો ટ્રક ન હતી. જેથી મામાને પુછતા તેઓએ જણાવ્યું હતું કે રાત્રીના અઢી વાગે કોલોની ના રૂમમાં આવીને વાલુભાઈ જોરજી પારઘી રૂમમાં આવી ટ્રકની ચાવી ચોરી કરીને તે ટ્રક લઈને નાસી ગયો હતો.ત્યારે ડ્રાઈવરે ફોન કરીને વાતની જાણ કરી હતી. ત્યારે દિનેશ પટેલે રૂ.૯ લાખની ટ્રક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડામાં નાગરીકોને જોઈ પથ્થર મારતી મહિલાને આશ્રયગૃહ મોકલી આપી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા જંકશન ખાતે છેલ્લા કેટલાક દિવસથી એક મહિલાને પગલે હોહા મચી ગઈ હતી. જેમાં નગારીકોને જોઈ મહિલા પથ્થરો મારતા સ્થાનિક નાગરીકોમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો હતો. ત્યારે અસ્થિર મગજની મહિલાને ૧૮૧ હેલ્પ લાઈનની ટીમે ભારે જહેમત બાદ બાયડ માનસિક વિશિષ્ટ ગૃહ ખાતે મોકલી આપી હતી.

ચિલોડાની ચોતરફ ગમે તે સમયે નાના બાળકોને જોઈને પથ્થરો ફેંકી દોડીને જતી રહેતી હતી. જો કોઈ વ્યકિત તેનો પ્રતિકાર કરે તો તેના પર પણ મહિલા પથ્થરો ફેંકીને ભાગી જવાની વ્યાપક ફરીયાદ સામે આવી હતી. આ મેલા ઘેલા કપડા પહેરીને ફરતી મહિલા પાસે જવાની કોઈની હિંમત ન હતી. કોઈ વ્યકિત મહિલાની નજીક જાય તો ગાળો બોલીને પથ્થરો ફેંકીને મારવાનું શરુ કરતી હતી. જેથી ચિલોડામાં વસવાટ કરતા નાગરીકો પોતાના બાળકો ઘરની બહાર પણ મોકલતા ન હતા. ત્યારે ના છુટકે નાગરીકો દ્વારા ૧૮૧ અભયમ ની ટીમને જાણ કરી હતી. ટીમના સભ્યો સ્થળ પર દોડી ગયા હતા, તે સમયે મહિલાએ ટીમના સભ્યોને પણ ગમે તેમ બોલીને પથ્થર ઉઠાવી લીધો હતો. ત્યારે મહિલા ટીમની સભ્ય દ્વારા મહિલાને પકડી ગુસ્સો શાંત થયા પછી વાત કરી હતી. પરંતુ ટીમના સભ્યોને કોઈ માહિતી પ્રાપ્ત થઈ ન હતી. આખરે માનસિક રીતે વિશિષ્ટ મહિલાને બાયડ મંદબુધ્ધી સમાજ સેવા ટ્રસ્ટના આશ્રય ગૃહ ખાતે મોકલી આપવામાં આવી હતી.




સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા રાંધેજા ખાતે ત્રિદિવસીય જન જાગૃતિ શિબિરનો રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને ટ્રસ્ટના વડા શંકરસિંહ વાઘેલાએ આરંભ કરાવ્યો હતો. ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ આ કેમ્પમાં ભાગ લઈ રહ્યા છે. જેમાં સ્વચ્છતા, આરોગ્યની કાળજી જેવા વિષયોને આવરી લઈ જન જાગૃતિ કરવામાં આવનાર છે. આ ઉદ્ઘાટન પ્રસંગે ગ્રામજનો, કોલેજના અધ્યાપકો તેમજ શિક્ષણપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં દિવાળી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા દિવાળી વેકેશન શરૂ થવાના ઉપક્રમે શાળામાં રંગોળી, મહેંદી, આરતી, દિવાળી કાર્ડ, વર્ગ સુશોભન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ અંતર્ગત ટ્રસ્ટી ડૉ. ગગલાણી, ડૉ. જે.એન. પાઠક અને આચાર્યા જયોતિબોને વિજેતાઓને અભિનંદન આપી દિવાળીની શુભકામના પાઠવી હતી. આ સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે શિક્ષકોએ સેવા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તુષારભાઈએ કર્યુ હતુ.

# બાઈક ચાલકે રસ્તો ઓળંગતા બે મિત્રોને અડફેટે લીધા

## અડાલજ-કોબા માર્ગ પર ચામુંડા હોટલ પાસેની ઘટના

ગાંધીનગર, તા૨૯

ગાંધીનગર નજીક કોબા-અડાલજ માર્ગ પર ચામુંડા હોટલ પાસે રાત્રીના સમયે રોડ ઓળંગતા બે મિત્રોને બાઈક ચાલકે અડફેટે લીધા હતા. જેમાં બંન્ને મિત્રો માર્ગ પર પટકાયા હતા. બંન્ને ઈજાગ્રસ્ત મિત્રોને તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા. જયારે બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ શીરપુરી હુડકો ખાતે રહેતા બાબુજી શકરાજી ઠાકોર મજુરી કામ કરે છે અને પોતાના પરિવાર સાથે રહે છે. તેઓને પરિવારમાં બે દિકરા અને એક દિકરી છે. જયારે ગત તા.૨૨ ના રોજ તેઓ ઘરે હતા તે સમયે રાત્રીના નવ વાગ્યાના અરસામાં ફોન આવ્યો હતો કે તમારા દિકરા ભાવેશ તેમજ બાજુમાં રહેતો તેનો મિત્ર રાકેશ ઠાકોરને કોબા-અડાલજ માર્ગ પર રોડ ક્રોસ કરતા સમયે અકસ્માત થયો છે.

બાઈક નં.જી.જે.૧૮.ડી.ડી.-૧૭૧૨ના ચાલકે પોતાનું બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અકસ્માત કર્યો હતો. જેમાં ભાવેશને પગે તેમજ તેના મિત્રને રાકેશને માથાના ભાગે ઈજા પહોંચી હતી.

ફરીયાદી બનાવ સ્થળે જઈને જોયુ તો તેમના દિકરા તેમજ તેના મિત્રને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જયાં ભાવેશને બંને પગે ફ્રેકચરનું નિદાન થયું છે. રાકેશને માથાના ભાગે સામાન્ય ઈજા પહોંચી હતી. બનાવ અંગે બાબુજી ઠાકોરે અડાલજ પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદને પગલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# વિદ્યાર્થીઓને આત્મનિર્ભરતાના પાઠ ભણાવતી "વૉકલ ફોર લોકલ" ઈવેન્ટ

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે યોજાયેલી બે દિવસીય ઈવેન્ટમાં ૪૨ લોકલ વેન્ડર્સે ભાગ લીધો : ઈવેન્ટમાં પ્રસ્તુત ૬ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ્સે મુલાકાતીઓનું ધ્યાનાકર્ષિત કર્યુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના ભોંયણ રાઠોડ ખાતેની સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા પ્રધાનમંત્રી પ્રેરિત આત્મનિર્ભર ભારત અભિયાનને અનુલક્ષીને સ્થાનિક વિક્રેતાઓ-ઉત્પાદકોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી તા. ૨૮ અને ૨૯ મી ઓક્ટોબર માટે બે દિવસીય ઈવેન્ટ "વોકલ ફોર લોકલ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં ૪૨ વેન્ડર્સે ભાગ લીધો હતો. આ ઈવેન્ટમાં યુનિવર્સિટી સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ-અધ્યાપકો મળીને કુલ ૬ ઈનોવેટિવ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટના સ્ટોલ્સ પણ હતા જેને તમામ મુલાકાતીઓનું ધ્યાનાકર્ષિત કર્યુ હતુ. આ ઈવેન્ટમાં અપંગ માનવ મંડળના બાળકોએ દીપ પ્રાગટ્ય કર્યુ હતુ.

આજના ઝડપી અને સોશિયલ મિડીયાના યુગમાં સ્પર્ધાત્મકતા ખૂબ જ વધી જવા પામી છે. આ સ્થિતિમાં કોઈપણ સ્ટાર્ટઅપને સફળ બનાવવા માટે સૌથી પહેલા




નવીનતમ વિચાર સાથે સંશોધનાત્મક અભ્યાસ કરીને અન્ય કરતા કંઈક અલગ જેનું મૂલ્યવર્ધન થઈ શકે તે ખૂબ જરૂરી હોય છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના કેમ્પસમાં યોજાયેલી 'વોકલ ફોર લોકલ' ઈવેન્ટમાં જે ૬ સ્ટાર્ટઅપ્સ રજૂ કરાયાં હતા તેમાં હેન્ડમેડ હેન્ડી ક્રાફ્ટ્સ અને હેન્ડ મેન્ડ જ્વેલરી સાથે ફ્રેશ-હેલ્ધી નેચરલ કોલ્ડ ડ્રિન્ક્સ, નારિયેરના કુચામાંથી ચામડીના રોગો મટાડતુ સ્પ્રે, મહિલાઓના માસિક ધર્મમાં થતી પીડા નિવારતુ સ્પ્રે, કોરોના કાળમાંથી મળેલી શીખને અનુસરવા શાકભાજીને ધોવા માટેનું હર્બલ વેજી ક્લિન વગેરેનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા નારિયેરના કુચામાંથી ચામડીના રોગો મટાડતુ સ્પ્રે બનાવીને સ્ટાર્ટઅપ રજીસ્ટર કરાવાયુ છે તેજ રીતે એમએસસી બાયોટેકનો અભ્યાસ કરી રહેલી વિદ્યાર્થીનીઓ પ્રિયાંશી ગજેરા તથા પૂર્વિતા ગોહિલે લેટેસ્ટ તેમજ તદ્દન નવીજ કહી શકાય તેવી હેન્ડ મેડ જ્વેલરીનું સ્ટાર્ટઅપ હાથ ધર્યુ છે જેને પણ સારો આવકાર મળ્યો હતો. આ સાથે યુનિવર્સિટીના અધ્યાપકોમાં પ્રો. ડૉ. અર્ચના પાંડે દ્વારા લીમડો અને લીંબુના અર્કમાંથી તદ્દન 'સોપ ફ્રી' વેજી ક્લિન બનાવ્યું છે જે હર્બલ હોવા સાથે શાકભાજી આરોગનાર માટે સો ટકા સલામત હોવાનું લેબોરેટરી ટેસ્ટીંગમાં પુરવાર થયું હોવાનો ડૉ. અર્ચનાએ દાવો કર્યો છે. અકામી લાઈફ સાયન્સ નામથી રજીસ્ટર્ડ તેમના સ્ટાર્ટઅપની આ પ્રોડક્ટ માત્ર રૂ. ૪૫ ની કિંમતમાં ગૃહિણીઓ માટે આખા મહિનાના શાકભાજીને સ્વચ્છ રાખવામાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત યુનિવર્સિટી સાથે સંલગ્ન અરિહંત હોમિયોપેથી કોલેજના અધ્યાપક ડૉ. કિંજલ પટેલ જેઓ નેશનલ લેવલે માસ્ટર્સ એક્વેટિકમાં ૩ ગોલ્ડ જીતનાર સ્વિમર હોવા ઉપરાંત ટ્રાયોથ્લોજના એથ્લિટ છે તેમજ વ્યવસાયે ડૉક્ટર હોવા છતાં હેન્ડમેડ હેન્ડીક્રાફટમાં ખૂબ રસ ધરાવે છે. તેમની મોતીની નક્કર હેન્ડમેડ જ્વેલરી પણ મુલાકાતીઓને આકર્ષી રહી હતી. 'વોકલ ફોર લોકલ' ઈવેન્ટમાં આ ઉપરાંત રેડીમેડ ગારમેન્ટસ, ફૂડ પ્રોડક્ટ્સ, ટ્રાવેલબેગ, દિવાળીના દીવા, હોમિયોપેથી નેચરલ પ્રોડક્ટ્સ, ચોકલેટ્સ વગેરે ચીજવસ્તુઓના પણ સ્ટોલ્સ હતા.

### મહિલાઓના માસિક ધર્મ દરમ્યાનની પીડા નિવારતું સ્પ્રે

"વોકલ ફોર લોકલ"માં ગાંધીનગરના સે. ૩૦ ની સલોની રાણા અને ચાંદખેડાની અંજલિ પટેલ નામની બે વિદ્યાર્થીઓ દ્વારા મહિલાઓને માસિક ધર્મ દરમ્યાન થતી પીડાને નિવારતુ "મેક-આર" મેન્સ્ટ્રુઅલ ક્રેમ્પ રિલીફ સ્પ્રે પ્રસ્તુત કર્યુ હતુ જે વિદ્યાર્થીઓને આકર્ષવા સાથે પ્રસંશા પામ્યુ હતુ. સંપૂર્ણ રીતે હર્બલ અને ઉપયોગ કરવામાં સરળ આ સ્પ્રેને રેક્ષર્સ ફાર્મા દ્વારા ઉત્પાદિત કરવામાં આવી રહ્યું છે. બંને વિદ્યાર્થીનીઓ અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યુટની પૂર્વ વિદ્યાર્થીનીઓ છે.



### કોમ્પ્યુટર એન્જિનીયરીંગના વિદ્યાર્થીનું ફ્રેશ-હેલ્ધી જ્યુસ 'મોર્નિંગ પ્લસ'

યુનિવર્સિટીના વધુ એક વિદ્યાર્થી આદર્શ પટેલ દ્વારા "મોર્નિંગ પ્લસ" ફ્રેશ હેલ્ધી કોલ્ડ ડ્રિગ્સ-જ્યુસનો સ્ટોલ કરવામાં આવ્યો હતો. કોમ્પ્યુટર એન્જિનીયરીંગનો વિદ્યાર્થી હોવા છતાં કોરોના કાળ દરમ્યાન પોતાના મિત્રના પિતા જેઓ હોસ્પિટલમાં દાખલ હતા તેમના માટે તાજા સંતરાનો જ્યુસ મેળવવામાં પડેલી તકલીફ પરથી તેણે આ સ્ટાર્ટઅપનો વિચાર આવ્યો અને તેને અમલમાં મુક્યા બાદ તે વિવિધ હોસ્પિટલ્સમાં અત્યાર સુધીમાં એક લાખથી વધુ ગ્લાસ ફ્રેશ જ્યુસ સપ્લાય કરી ચુક્યો છે.